**ડાયરેક્ટ ❤ સે**

૩ એક્કા
હોવા છતાં
હારી જવાય છે
જ્યારે સામે
આપણાં જ બેઠાં હોય
જોકર બનીને

## જન્મદિને વધામણી



**કૃષ્ણકાંત જાદવ**
**મો. ૭૮૭૪૯ ૩૭૪૭૩**



**છાયા જે ઘેડીયા**
**મો. ૮૦૦૦૭ ૭૯૨૪૬**

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# રાજ્ય સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ગાંધીનગર જિલ્લાને ૨૨ મેડલ







રાજ્યકક્ષાનો સ્પેશિયલ ખેલ મહાકુંભ ૧૬થી ૧૯ નવેમ્બર દરમિયાન હિંમતનગર ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં ગાંધીનગર જિલ્લાના ૧૦૪ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. ૧ ગોલ્ડ, ૪ સિલ્વર, ૧૭ બ્રોન્ઝ સહિત કુલ ૨૨ મેડલ્સ ગાંધીનગર જિલ્લાના વિશિષ્ટ ખેલાડીઓએ પ્રાપ્ત કર્યા હતા, જે કારણે રાજ્યકક્ષાએ ગાંધીનગર જિલ્લાને સાતમો ક્રમ પ્રાપ્ત થયો હતો. વિશ્વાસ મિસ્ત્રી, જિતેન્દ્ર પટેલ, ભોળાભાઈ પટેલ, પૌરિન પટેલ અને જિજ્ઞેશ રાવલ ઉપરાંત ૧૫ જેટલા વિશિષ્ટ પ્રશિક્ષકોએ ગાંધીનગર જિલ્લા ટીમને નેતૃત્વ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જિલ્લા રમતગમત અધિકારી વી બી દત્તાએ વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## રાજ્ય રાયફલ શૂટીંગ સ્પર્ધામાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ઝળકી





ગાંધીનગર, તા. ૨૨

રાયફલ ક્લબ, અમદાવાદ ખાતે તાજેતરમાં રાજ્યકક્ષાની રાયફલ શૂટીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણના વિદ્યાર્થી વિમલ પ્રજાપતિએ ૬૦૦માંથી ૫૮૫ સ્કોર નોંધાવીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો હતો. સમગ્ર શાળા પરિવારે વિમલની આ સિદ્ધિને બિરદાવી તેને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

## એસ. જી. અંગ્રેજી શાળામાં વિજ્ઞાપન સ્પર્ધાનું આયોજન





એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં ધોરણ-પથી ૮ના વિદ્યાર્થીઓમાં હાઉસ પ્રમાણે વિજ્ઞાપન સ્પર્ધા યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં હાઉસ પ્રમાણે વિદ્યાર્થીઓએ સ્વચ્છતા, એજ્યુકેશન, કોસ્મેટિક, સોફ્ટ ડ્રિંક, વોશિંગ પ્રોડક્ટ, બેટી બચાવો, સ્ત્રી સશક્તિકરણ વગેરે વિષયો પર વિજ્ઞાપન બનાવીને રજૂ કરી હતી. જેમાં ગ્રીન હાઉસનો પ્રથમ ક્રમે વિજય થયો હતો.



ગીર ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આદર્શ નિવાસી શાળા (અ.જા. કન્યા), ગાંધીનગરની ૪૯ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

ડીએફઓ ડી સી મહેતા, સંસ્થાના આલા પંડિત, ઈર્શાદ ઠેબા અને આર ડી કંબોજ દ્વારા વિદ્યાર્થીનીઓને પર્યાવરણ, વૃક્ષો, પશુ-પંખીઓ, વનસ્પતિ-જળચર અંગેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

## મૂળમાંથી ઊખડેલા માણસની ભીતરમાં લાગણીઓ ખૂટી છે તાજી



## જિલ્લાના આરસોડીયા ગામે ચિત્રકારો, કવિઓની મદમસ્ત મહેફિલ યોજાઈ અને કાર્યક્રમ અંતર્ગત કાવ્યસંગ્રહના એક પુસ્તકનું વિમોચન પણ આયોજિત કરાયું

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લાના આરસોડીયા ગામે રવિવારે એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચિત્રકારો, કવિઓની મહેફિલ ઉપરાંત કાવ્યસંગ્રહના એક પુસ્તકનું વિમોચન પણ આયોજિત કરવામાં આવ્યું હતું. રૂપમન સોલ્યુશન પ્રા. લિ. (વિપુલ પટેલ) અને શ્રી મહાકાલ કોમ્યુનિકેશન (શૈલેષ પંડ્યા)ના સુભગ સહયોગથી આ વિશિષ્ટ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.

આરસોડીયામાં પ્રથમ જ વખત આયોજિત આ કાવ્ય મહેફિલમાં ગુજરાતના ખ્યાતનામ કવિ અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, ભાવિન ગોપાણી અને તેજસ દવે ઉપરાંત ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત 'સ્વજન' અને કુંતલ નિમાવત દ્વારા સ્વરચિત કાવ્યોનું પઠન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત રત્નાભાઈ અલગોતર 'નિરાશ'ના પુસ્તક 'પગથિયું'નું વિમોચન કરવામાં આવ્યું હતું અને તેમણે આ કાવ્ય સંગ્રહમાંથી ત્રણ ગઝલોનું પઠન પણ કર્યું હતું. કાર્યક્રમના આયોજક વિપુલ પટેલની રચનાઓને પણ શ્રોતાઓએ ફૂલડે વધાવી હતી, તો શૈલેષ પંડ્યાએ પોતાના ચોટદાર શેર, એક ગઝલ અને અન્ય કવિઓનાં મુક્તકોથી સંચાલનનો દોર રસ પડે તેવી રીતે જાળવી રાખ્યો હતો.

ગાંધીનગરના આરસોડિયા ગામના ખેતરની સીમમાં ચંદરવો બાંધીને આયોજિત કરવામાં આવેલા આ કાર્યક્રમનું બીજું આકર્ષણ હતું અહીં ઉપસ્થિત ચિત્રકારો. ખ્યાત ચિત્રકાર વનમાળી ઠાકોર, નલિન સૂચક, નરેન્દ્ર ચૌહાણ, બિપીન પટેલ, ગણેશ વ્યાસ, જિગર પંડ્યાએ ઉપસ્થિત કલારસિકો સામે લાઈવ ચિત્રો દોરીને સૌને સંમોહિત કરી દીધા હતા. આ ઉપરાંત, સમગ્ર કાર્યક્રમ દરમિયાન યોજવામાં આવેલું આ ચિત્રકારોએ તૈયાર કરેલાં ચિત્રોનું પ્રદર્શન પણ રસિકોને પ્રભાવિત કરી ગયું હતું. એક જ મંચ ઉપર કવિઓ, ચિત્રકારોને બેસાડવાનો ને રસજ્ઞોની ઉપસ્થિતિમાં બંને પક્ષોને બંનેની કલાનું રસપાન કરાવવાનો આ ઉપક્રમ ખરા અર્થમાં સફળ રહ્યો હતો. આરસોડીયા, કલોલ અને ગાંધીનગરના પ્રેક્ષકોએ મન ભરીને આ સમગ્ર કાર્યક્રમને માણ્યો ને સરાહ્યો હતો.

આ ૨૦૮ની ઝડપે દોડતું
૧૦૮નું શહેર છે
આમ ઓગળી ગયેલું
ને આમ ગાંઠનું શહેર છે
- અનિલ ચાવડા

સુશોભિત હોય છે
દારૂખાનું ફૂટ્યાની પહેલાં
તમે અદ્દલ એવાં હતાં
મને છોડ્યાની પહેલાં
- ભાવેશ ભટ્ટ

અજાણી છોકરી પૂછી ગઈ
સરનામું આવીને
છોકરો ભૂલો પડ્યો
રસ્તો બતાવીને
- ભાવિન ગોપાણી

સમજણો, સાયુજ્યની પળો
ને ઘણું બધું,
જિંદગી એટલે એવું બધું
- કુંતલ નિમાવત

મૂળમાંથી ઊખડેલા
માણસની ભીતરમાં
લાગણીઓ ખૂટી છે તાજી
માણસ ના માણસથી રાજી
- તેજસ દવે

બંધ રાખી હોઠ
આખી વાર્તા બોલી ગયું
દોડતું આ કોણ
મારા શ્વાસને છોડી ગયું ?
- શૈલેષ પંડ્યા 'ભીનાશ'

વૉટ્સઍપ એટલે
હોય બીજું શું ?
ઈધર કા માલ ઉધર
- સંજય થોરાત

પ્રેમરોગ લાગતાં
બધું કમાલ લાગશે
રોજ રોજ ના મળો
પછી બબાલ લાગશે
- રત્નાભાઈ અલગોતર

## ગુજરાત યુનિવર્સિટી પોતાના ૬૯મા સ્થાપના દિનની આજે ઉજવણી કરશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત યુનિવર્સિટીના ૬૯માં સ્થાપના દિનની ઉજવણી તા. ૨૩મી નવેમ્બરે કરવામાં આવશે. આ દિવસે ખાસ યુનિવર્સિટી બિલ્ડિંગમાં રોશની કરવા ઉપરાંત ભવનોમાં ખાસ શણગાર કરવામાં આવશે. આ દિવસે યુનિવર્સિટી દ્વારા આઈ.ટી.ને લગતાં એક એક એમઓયુ કરવાનું પણ નક્કી કરાયુ છે. આ ઉપરાંત યુનિવર્સિટીમાં સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે.

સમાન્ય રીતે દરવર્ષે યુનિવર્સિટીના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવતી હોય છે. વચ્ચેના કેટલાક વર્ષો ઉજવણીના નામે કોલેજો અને યુનિવર્સિટીમાં માત્ર રજા આપી દેવામાં આવતી હતી. આ વખતે રજા રાખવામાં આવશે પરંતુ સાંજે યુનિવર્સિટીમાં ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવાનું નક્કી કરાયુ છે. જેમાં સ્ટાફના કર્મચારીઓ ઉપરાંત ઉપાસના પર્ફોર્મિંગ આર્ટસના વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવશે.

આ ઉપરાંત યુનિવર્સિટીમાં સામુહિક ભોજન સમારંભ પણ યોજવામાં આવશે. પરંપરાગત રીતે યુનિવર્સિટીના ૬૯મા સ્થાપના દિને રોશની અને ડેકોરેશન કરવામાં આવશે પરંતુ વિદ્યાર્થીઓને ફાયદો થાય તે માટે ખાસ આઈ.ટી. અંગેનો એક એમઓયુ કરવામાં આવશે જેની સત્તાવાર જાહેરાત આવતીકાલે કરાશે. આ ઉપરાંત યુનિવર્સિટી દ્વારા દરેક કોલેજોને પરિપત્ર મોકલીને સ્થાપના દિનની ઉજવણી કરવા સૂચના આપવામાં આવી છે. કોલેજોએ સ્થાપનાદિનની ઉજવણી કરીને તેનો અહેવાલ અથવા તો સીડી યુનિવર્સિટીને પહોંચતી કરવા પણ તાકીદ કરવામાં આવી છે.

## ડીમ્ડ સંસ્થાઓ પોતાના નામની પાછળ યુનિવર્સિટી નહીં લખી શકે

ગાંધીનગર, તા. ૨૨

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (યુજીસી) દ્વારા જે સંસ્થાઓને 'ડીમ્ડ' યુનિવર્સિટી તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે તેવી સંસ્થાઓ હવે પોતાના નામની પાછળ યુનિવર્સિટી શબ્દ પ્રયોગ કરી શકશે નહી તેવો આદેશ કરવામાં આવ્યો છે. જે સંસ્થાઓ ડીમ્ડ યુનિવર્સિટી એવો શબ્દપ્રયોગ કરશે તેની સામે પગલાં લેવાની પણ ચીમકી આપવામાં આવી છે. યુજીસી દ્વારા હાલમાં દેશની ૧૨૩ જેટલી ડીમ્ડ સંસ્થાઓને આ અંગેની નોટિસ પણ મોકલી આપવામાં આવી છે.

યુજીસી દ્વારા દેશમાં ૧૨૩ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ એવી છે કે જેમને 'ડીમ્ડ' તરીકે માન્યતા આપવામાં આવી છે. પરંતુ આ સંસ્થાઓ પૈકી અનેક સંસ્થાઓ એવી છે કે જેઓ પોતાના નામની આગળ યુનિવર્સિટી એવો શબ્દ પ્રયોગ કરે છે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે આપેલા એક ચુકાદાના આધારે યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન દ્વારા દરેક ડીમ્ડ સંસ્થાઓને યુનિવર્સિટી નામનો ઉપયોગ ન કરવા આદેશ કરી દેવાયો છે. ખાસ કરીને હરિયાણા અને કર્ણાટકની અનેક ડીમ્ડ સંસ્થાઓ પોતાના નામની આગળ યુનિવર્સિટી શબ્દ પ્રયોગ કરતી હતી.ગુજરાતમાં પણ બે ડીમ્ડ સંસ્થાઓ ગૂજરાત વિદ્યાપીઠ અને સુમનદીપ વિદ્યાપીઠ કાર્યરત છે પરંતુ તેઓ પોતાના નામની પાછળ વિદ્યાપીઠ શબ્દ પ્રયોગ કરતી હોવાથી કોઈ મુશ્કેલી થાય તેમ નથી. યુજીસી દ્વારા ૧૨૩ સંસ્થાઓને નોટીસ મોકલીને જો યુનિવર્સિટી નામનો ઉપયોગ કરતી હોય તો તે બંધ કરવા સૂચના આપી દેવામાં આવી છે. જે સંસ્થાઓ યુજીસીની આ સૂચના પછી પણ ડીમ્ડ યુનિવર્સિટી એવો શબ્દ પ્રયોગ ચાલુ રાખશે તેની સામે કાયદાકીય પગલાં લેવાની પણ ચીમકી આપવામાં આવી છે.

નોંધનીય છે કે યુનિવર્સિટી સિવાય કોઈપણ શબ્દ પ્રયોગ કરવા સામે યુજીસી દ્વારા કોઈ વાંધો લેવામાં આવ્યો નથી.

સૂત્રો કહે છે આગામી દિવસોમાં યુજીસી દ્વારા પ્રાઈવેટ યુનિવર્સિટી સામે પણ કડક કાર્યવાહી કરવાની તૈયારી શરૂ કરી છે.